બાળકો અને
નવયુવાનો માટે

રબીઉલ અવ્વલ, હીજરી સન ૧૪૩૨,
ફેબ્રુઆરી - ૨૦૧૧

# હાદી

માસિક



રૂ. 30/-

## અલ્લાહના નેક નામો

# البصير

# અલ-બસીરો

ખુદાવન્દે આલમના મહાન ગુણો - વિશેષણોમાંથી એક ગુણ - વિશેષણ જે નામ તરીકે પણ ગણવામાં આવે છે તે અલ-બસીરો છે.

**અગત્યના અર્થ :-** આ વિશેષણના કેટલાંક મહત્વના અર્થ નીચે મુજબ છે.

(૧) જોનાર (૨) જાણનાર (૩) દૃષ્ટિ આપનાર
(૪) બુધ્ધિ અને ચાતુર્યવાળો

## આ નામનો કુરઆનમાં ઉલ્લેખ :

કુરઆનમાં આ શબ્દ અનેક જગ્યાએ આવે છે. દા.ત. સૂરએ-બકરહની ૯૬મી આયતમાં ઈર્શાદ થાય છે કે "અને હે રસૂલ ! તમને આ લોકો સંસારી જીવનના સૌથી વધારે લોભી માલૂમ પડશે. એટલે સુધી કે તેઓ માહેનો દરેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે તે હજાર વરસ જીવે. પરંતુ તેની આટલી


E-mail : hadimasik@yahoo.com

લાંબી વય પણ તેને અમારા અઝાબ (શિક્ષા) થી બચાવી શકશે નહીં અને અલ્લાહ તેમના કાર્યોને સારી પેઠે નિહાળે છે."

**માઅસૂમીન અ.સ.ની વાણી :-** માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ આ નામનો પ્રયોગ મોટા પ્રમાણમાં થયો છે.

સુબ્હાના-મન-લય્સા-કમિસ્લેહી શયઉન-વ-હો વસ્સમીઉલ બસીર

પવિત્ર એ છે કે જેના જેવી(બીજી) કોઈ વસ્તુ નથી અને તે સાંભળનાર અને જોનાર છે.

## ખાસિયતો અને ફાયદાઓ :

(૧) દરેક જુમ્આના દિવસે "યા બસીરો" નો ૩૦૨ વખત વિર્દ કરવાથી અલ્લાહની ખાસ ઈનાયતો અને કૃપાઓ પ્રાપ્ત થાય છે.

(૨) "યા બસીરો" નું વિર્દ કરવું તે સંસારની અને આખેરતની બાબતો માટે લાભદાયક છે.

(૩) જો કોઈ વ્યક્તિ 'જુમ્આ' ના દિવસે ૧૦૧ વખત "યા-બસીરો" નો વિર્દ કરતો રહે તો તેની ગણત્રી "યકીનવાળાઓ" (એહલે યકીન)માં થશે.

(૪) ગુપ્ત વાતો (રહસ્યો) સુધી પહોંચવા અને તેની જાણકારી માટે દરરોજ ૧૦૧ વખત "યા બસીરો" નો વિર્દ લાભદાયક છે.

(૫) ઝડપથી અને સારા પરિણામોની પ્રાપ્તિ માટે સતત (સળંગ) દસ જુમ્આ સુધી ઝોહરની નિફલ નમાઝો (નાફેલએ ઝોહર) પહેલા ૩૦૨ વખત "યા બસીરો"નું વિર્દ કરવું ઘણું જ લાભદાયક છે.

રબીઉલ અવ્વલ, હીજરી સન ૧૪૩૨,
ફેબ્રુઆરી - ૨૦૧૧

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઇ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

સૌપ્રથમ તો અમે આપ બધાંની સેવામાં હઝરત નબીયે મુકર્રમ સ.અ.વ. અને તેમના ખરા જાનશીન વારસદાર હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની મીલાદે - બા - સઆદતની મુબારકબાદી પેશ કરવાનો શર્ફ હાસિલ કરીએ છીએ.

વહાલા બાળકો ! અય્યામે અઝા પોતાના અંત સુધી પહોંચી ગયાં છે અને આ મહીનાથી આપણા બે માસ અને આઠ દિવસ સુધી ચાલેલા વર્ગના પરિણામ આવવાના દિવસો આવી ગયાં છે.

આપણે હઝરત સૈયદુશ્શોહદા અ.સ.ની મજલિસો અને કરબલાના શહીદોની અઝાદારીથી શું શીખ્યું, શો બોધપાઠ લીધો તેનો અંદાજો હવે પછી આપણાં આખા વરસના વાણી અને વર્તન ઉપરથી આવી જશે.

આ મહિનામાંજ આપણાં ઈમામે ઝમાના અજ.ની તાજપોશીની તારીખ એટલે કે નવમી રબીઉલ અવ્વલ પણ આવે છે અને આ પ્રસંગે આપ સર્વેને મુબારકબાદ પેશ કરીએ છીએ.

૧૭મી રબીઉલ અવ્વલનો દિવસ રસૂલે ઈસ્લામ અને સાદિકે આલે મુહમ્મદની વિલાદતે -બા-સઆદતનો દિવસ છે અને આ મહિનાની આઠમી તારીખે આપણાં અગ્યારમાં ઈમામ હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ.ની શહાદતનો દિવસ છે. અમે આપ તમામને તેની તાઅઝિયત (સાંત્વના) પાઠવીએ છીએ.

અય્યામે અઝા (શોકના દિવસો) પૂરા થઈ ગયાં તેનો અર્થ એ નથી કે આપણે ઈમામે મઝલૂમ અને તેમના વફાદાર સાથીઓની શહાદતના લક્ષ્યને વીસરી જઈએ. અય્યામે અઝામાં તો દર વરસે મજલિસો - માતમ અને શોક મનાવવાનો - અને તે રીતે સમાજમાંથી બદીઓ દૂર કરી સમાજ સુધારણા કરવાનો એક તોફાની સમુદ્ર હોય છે અને દર વરસની આપણી આ અઝાદારી અર્થહીન ન રહેવા પામે તે જોવાની જવાબદારી આપણી સૌની છે અને આપણે આ જવાબદારી પૂરી કરી આપણાં ઈમામે ઝમાનાને ખુશ કરવાનો બંદોબસ્ત કરવો જોઈએ જેથી આપણે તેમની દુઆઓને લાયક બની જઈએ.

વસ્સલામ

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

# શું આપ જાણો છો ?




## આપણા નબી સ.અ.વ. નું નામ શું છે ?

**(૧) આપણા નબી સ.અ.વ.નું નામ જનાબ ઈબ્રાહીમ અ.સ.ના આકાશી સહીફામાં "માહી" છે.**

**જેનો અર્થ થાય છે : અલ માહીયો સૂરતુલઅસનામ- વ - માહેયલ અવસાન - વ - કુલ્લો માઅબૂદે-દૂનર્રેહમાન.**

**અર્થાત્ : મૂર્તિઓના મોઢા ખરાબ કરી નાંખનાર - મૂર્તિઓ અને અંધકાર યુગના રીતરિવાજોને નષ્ટ કરી દેનાર અને (એક અને એક માત્ર) પરવરદિગાર સિવાય અન્ય તમામ ખુદાઓને મીટાવી દેનાર.**

**(૨) જનાબ મૂસા અ.સ. ના પુસ્તક "તૌરાત" માં આપનું મહાન નામ"અલ્હાદ" છે.**

**જેનો અર્થ થાય છે : યુહાદો મનહાદદલ્લાહે-વ-દીનહૂ-કરીબા કાના અવ બઈદા.**

**અર્થાત્ : દરેક એવાથી અંતર રાખનાર જેણે અલ્લાહ અને તેના દીનને તજી દીધો હોય. (તે પછી) નજીક હોય કે દૂર.**

**(3) જનાબ ઈસા (ઈશુ ખ્રિસ્ત)ના પુસ્તક "ઈન્જીલ" (બાઈબલ)માં "અહમદ" છે.**

**જેનો અર્થ થાય છે : હુસ્નો-સનાઈલ્લાહે-અલ્યહે-ફિલ કિતાબે બેમા હમદા મિન અફઆલેહી.**

**અર્થાત્ : પુસ્તકો અને વર્ણન ગ્રંથોમાંથી મળી આવતી અલ્લાહની સર્વશ્રેષ્ઠ પ્રશંસા.**

**(૪) ફુરકાન (કુરઆને મજીદ)માં "મુહમ્મદ" છે.**

**ઈન્નલલાહા-વ-મલાએકતહૂ-વ-જમીઆ અંબિયાએ હૂ-વ-રસોલેહૂ-વ-જમીએ ઉમમેહિમ-યહમદૂનહૂ-વ-યુસલ્લૂના અલ્યહ.**

**અર્થાત્ - નિસંશય - અલ્લાહ - તેના ફરિસ્તાઓ તેના સઘળા નબીઓ અને રસૂલો - અને સઘળી ઉમ્મતો તેની પ્રશંસા (હમ્દ) કરે છે અને તેના ઉપર દુરૂદ મોકલે છે.**

**અને અલ્લાહના અર્શ પર "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" સ.અ.વ. લખેલું છે.**

**(મુહમ્મદ અલ્લાહના વહાલા રસૂલ છે.)**



# બહેનોનો ખુણો

## દીકરી અલ્લાહની રહેમત છે

અજ્ઞાનતા અને અંધકારના યુગમાં જેણે પોતાનું જીવન વિતાવ્યું હતું તેવી એક વ્યક્તિએ હઝરત ફાતેમા ઝહરા સલા. સાથે નબીએ અકરમ સ.અ.વ.ના પ્રેમને જોયો ને આશ્ચર્યચકિત રહી ગયો અને તેની આંખોમાં આંસુ આવી ગયા કે ફક્ત અજ્ઞાનતા અને અંધકારના યુગના ખોટા ગર્વને કારણે પોતાના જિગરના ટુકડા જેવી દીકરીને તેણે કેવી રીતે જીવતી જ દાટી દીધી હતી અને નબીએ અકરમ સ.અ.વ.એ તે વિષે તેને પુછતા તેણે પોતાની વાત જણાવી કે મારી પત્ની સગર્ભા હતી તે દિવસોમાં મારે એક લાંબા પ્રવાસે જવું પડ્યું. ઘણાં લાંબા સમય પછી હું પાછો આવ્યો તો મેં ઘરમાં એક બાળકીને રમતા જોઈ. પત્નીને પુછયું : આ કોણ છે ? પત્નીએ કહ્યું કે આ તમારી જ દીકરી છે અને પછી એક અજાણી બીકને કારણે કાકલૂદી સાથે કહ્યું કે : જુઓ તો ખરા ! કેટલી વહાલી લાગે છે. આને કારણે ઘરમાં કેટલી પ્રસન્નતા છવાએલી રહે છે. જો આ જીવિત રહેશે તો તમારી સ્મૃતિ બનીને તમારા કુટુંબ અને તમારી જ્ઞાતિનું નામ રોશન કરશે. મેં માથું નીચે નમાવી લીધું અને પત્નીને કોઈ જવાબ આપ્યા વગર તે બાળકીને જોવા લાગ્યો, તે બાળકી પણ થોડીક ક્ષણો સુધી અજાણી આાંખોથી મને જોતી રહી, પછી ન જાણે શું વિચારીને દોડીને આવી મને છાતી સરસી વળગી ગઈ. મેં પણ લાગણીવશ થઈને તેને તેડી લીધી અને તેને વહાલ કરવા લાગ્યો. અમુક વરસો આમજ વીતી ગયા. તે બાળકી ધીમે ધીમે મોટી થવા લાગી અને સમજણી પણ થઈ ગઈ. હવે તેની માતાને પણ મારી તરફથી સંતોષ થઈ ગયો હતો અને મારૂં વર્તન પણ મારી દીકરી સાથે પ્રેમાળ હતું. એક દિવસ મેં મારી પત્નીને કહ્યું : મારી દીકરીને આજે શણગારીને તૈયાર કરી



દો. હું જ્ઞાતિમાં એક લગ્ન સમારંભમાં તેને મારી સાથે લઈ જઈશ. માં તો બાપડી ખુશ થઈ ગઈ અને દીકરીને તરત જ શણગારીને તૈયાર કરી દીધી. મેં દીકરીનો હાથ પકડ્યો ને ઘરેથી બહાર નીકળી ગયો. અને એક વેરાન વન પ્રદેશમાં જઈને ત્યાં મેં પહેલાથી જ ખાડો ખોદી રાખ્યો હતો તેની પાસે લઈ જઈને ઉભી કરી દીધી, તે બાળકી કે જે ખુશ થઈને ઉછળતી કુદતી મારી સાથે આવતી હતી તેણે ખુબ જ ભોળા ભાવે પુછયું - પિતાજી, આ ખાડો શા માટે છે ? મેં તદ્દન નિર્લેપ ભાવે કહ્યું : હું આપણા કુટુંબના રિવાજ પ્રમાણે તને આ ખાડામાં જીવતી જ દાટી દેવા માંગુ છું.



જેથી કરીને તારા જન્મને કારણે અમારા કુટુંબ અને અમારી જ્ઞાતિને માથે જે કાળી ટીલી લાગી ગઈ છે તેનાથી છૂટકારો મળે. તે બાળકીને પરિસ્થિતિનું ભાન થઈ ગયું અને તેનું મોઢું ઝાંખુ પડી ગયું. તે કોઈ પ્રતિક્રિયા કરે તે પહેલાં જ મેં તેને તે ખાડામાં ધકેલી દીધી. તે બાળકી રડતી અને કાકલૂદી કરતી રહી. પરંતુ મારા ઉપર તેના રડવા અને કાકલૂદીઓની કોઈ અસર થઈ નહીં. જો કે તે છેવટની ઘડી સુધી હાથ ઉંચા કરીને મારી પાસે પોતાના જીવનની ભીખ માંગતી રહી હતી, પરંતુ અફસોસ ! મેં જ મારા જિગરના ટુકડાને જીવતી જ દાટી દીધી. તેની છેવટની કાકલૂદીઓ મારા કાનમાં આજે પણ આગની જેમ સળગે છે કે "પિતાજી ! તમે મને તો જીવતી દાટી દો છો પરંતુ મારી માંને આ સત્ય જણાવતા નહીં અને કહી દેજો કે હું આપણી દીકરીને મારી જ્ઞાતિવાળાઓ પાસે મૂકીને આવ્યો છું."

પોતાના એક અરબ સહાબી પાસેથી પોતાની દીકરીને જીવતી દાટી દેવાની વાત સાંભળીને હુઝુર સ.અ.વ. ની આંખોમાંથી અશ્રુઓનું પુર વહેવા લાગ્યું. તે વખતે નબીએ અકરમ સ.અ.વ. ના ખોળામાં જનાબ ફાતેમા સલા. બેસેલા હતા. તેમની આંખોમાં પણ આંસુઓ આવી ગયા. નબીએ અકરમ સ.અ.વ. એ દીકરીને પોતાની છાતી સરસી ચાંપી લીધી અને તેમના મોઢામાંથી આ શબ્દો સરી પડ્યા "દીકરી તો અલ્લાહની રહેમત છે." પછી આકાશની દિશામાં જોઈને ફરમાવ્યું : "હું ફાતેમાને જોઈને મારી જાતને જન્નતની સુગંધથી સુગંધિત કરૂં છું."



# કુરઆનની જાણકારી

**પ્રશ્ન : શું કુરઆને મજીદ શરૂઆતથી જ આજે પ્રચલિત છે તેજ લિપીમાં લખવામાં આવ્યું છે ?**

**જવાબ :** ભાષાને સંબંધ છે તે રીતે કુરઆન મજીદ અરબી ભાષામાં નાઝિલ થયેલ હોવાથી શરૂઆતથી જ અરબી ભાષામાં લખાએલ છે. પરંતુ અરબી ભાષાની તે વખતની પ્રચલિત "કૂફી" લિપીમાં કુરઆન શરૂઆતમાં લખવામાં આવ્યું હતું. તે પછી સને ૩૧૦ હિજરીમાં અબૂ અલી મુહમ્મદ-બિન-હુસૈન એ "નસખ" લિપી તૈયાર કરી અને કુરઆનને આ લિપીમાં લખીને તૈયાર કર્યું. આ લિપીમાં કુરઆન વાંચવામાં સરળતા રહેતી હોવાથી આ લિપીમાં લખાએલ કુરઆન પ્રચલિત થઈ ગયા.

**પ્રશ્ન : શું કુરઆન શરૂઆતથી જ ઉચ્ચારણ ચિહ્નો (એઅરાબ) અને ટપકાઓ સાથેના લખાણમાં પ્રચલિત હતું ?**

**જવાબ :** ના, શરૂઆતમાં કુરઆને મજીદ ઉચ્ચારણ ચિહ્નો (એઅરાબ) અને ટપકા વગર લખવામાં આવતું હતું. કુરઆને મજીદના શબ્દો ઉપર ઉચ્ચારણ ચિહ્નો વિગેરે લખાતાં નહીં હોવાથી લોકો ધીમે ધીમે ભૂલોનો શિકાર થવા લાગ્યા. તેથી ઈમામ અલી અ.સ. એ પોતાના એક ખાસ શિષ્ય અબુલ-અસ્વદ વચલીને અરબી ભાષા યોગ્ય રીતે વાંચવાની અને વ્યાકરણનું શિક્ષણ આપ્યું. આ પ્રમાણે તેમણે સૌથી પહેલા કુરઆનના લખાણ ઉપર ઉચ્ચારણ ચિહ્નો (એઅરાબ) લગાવી આપ્યા.





E-mail : hadimasik@yahoo.com



(આશનાઈ-બા ઉલૂમે કુરઆન પાન નં. ૨૦૩) તે પછી આપે પોતાના અન્ય બે શિષ્યો યહયા બિન યાઅમુર અનવાની અસરી કાઝીયે ખુરાસાન અને નસ્ર-બિન-આસિમલયસી બશરી દ્વારા કુરઆનના મૂળાક્ષરો ઉપર ટપકાં પણ મુકાવી આપ્યા. અને તે પછી અબૂહાતિમ સજસ્તાની ઈરાની કારીએ ખાસ જગ્યાઓ માટે નું "તશદીદ"નું ચિન્હ (આ ચિન્હ જે મુળાક્ષર ઉપર હોય તેનો ઉચ્ચાર બે વખત થાય છે તે ચિન્હ) યોગ્ય મુળાક્ષરો ઉપર લગાવી આપ્યું. જેથી લખાણમાં મૂળાક્ષરને બે વખત લખવાની જરૂર ન હતી.

**પ્રશ્ન : કુરઆને મજીદના સૂરાઓ-આયતો-રૂકૂઅ-શબ્દો વિગેરેની સંખ્યા કેટલી છે.**

જવાબ : કુરઆને મજીદના સૂરાઓ આયતો-રૂકૂઅ અને શબ્દો વગેરેની સંખ્યા નીચે મુજબ છે.

| સૂરાઓ | રૂકુઅ | આયતો | શબ્દો | મૂળાક્ષરો |
|---|---|---|---|---|
| ૧૧૪ (૮૬-મક્કાના ૨૮-મદીનાના) | ૫૨૧ | ૬૨૩૬ | ૭૭૭૦૧ | ૩૨૩૬૭૧ |

| ટપકા (.) | ફતહ-ચિન્હ | કસરા-ચિન્હ | ઝમ્મા-ચિન્હ' | અલિફ (ا) |
|---|---|---|---|---|
| ૧૦૧૫૦૩૦ | ૯૩૨૪૩ | ૩૯૫૮૬ | ૪૮૦૪ | ૪૮૮૭૨ |

| હમઝા | એક મૂળાક્ષરને બે વખત પઢવાનું ચિન્હ-તશદીદ | મૂળાક્ષરને લંબાવીને પઢવાનું ચિન્હ-મદ | રોકાવાનું ચિન્હ |
|---|---|---|---|
| ૩૨૭૨ | ૧૯૨૫૩ | ૧૭૭૧ | ૫૦૯૮ |

નોંધ : વહાલા બાળકો અને પ્રિય નવયુવાનોને આથી વિનંતી કરવામાં આવે છે કે કુરઆનની જાણકારી મેળવવાની બાબતે તમારા મનમાં કોઈ પ્રશ્ન હોય તો તરત જ અમારો સંપર્ક કરવો. આગામી અંકોમાં અમે આપના નામ સાથે આપના પ્રશ્નને અમારા જવાબ સાથે પ્રસિધ્ધ કરીશું.

# નબીઓ કેમ આવ્યા ?

**નબીઓ માનવ ઈતિહાસના સૌથી મહાન સુધારકો-હૃદય સ્પર્શી અને સહાનુભૂતિ ધરાવનાર રાહબરો છે. કુરઆને મજીદની આયતોમાંથી નબુવતની શૃંખલામાંથી પ્રાપ્ત થતા કેટલાંક ફાયદાઓ અને પ્રભાવની માહિતી મેળવીએ :**

**શિક્ષણ :** નબીઓનું પ્રથમ અને મહત્વનું કર્તવ્ય પોતાની ઉમ્મતને શિક્ષણ આપવાનું છે. તેથી જ તો કુરઆનમાં છે કે "રબ્બના-વ-બઅસ-ફીહિમ-રસૂલન મિન્હુમ-યતલૂ અલ્યહિમઆયાતેકા-વ-યુઅલ્લતેમોહુમકિતાબા-વલ હિકમતા" (સૂરએ બકરાહ-આયત-૧૨૯) હે પરવરદિગાર ! તેમની વચ્ચે એક રસૂલને નિયુક્ત કર જે તેમની સમક્ષ તારી આયતોની તિલાવત કરે (સંભળાવે) અને તેમને કિતાબ અને હિકમત (બુધ્ધિમત્તા)નું શિક્ષણ આપે.

**આત્મશુધ્ધિ :** નબીઓ પોતે જ ન્યાય-સત્ય પરાયણતા-પવિત્રતા-શુરવીરતા અને દાનવૃત્તિ જેવા ગુણોનો જીવતો જાગતો નમૂનો હોય છે. તેથી પોતાના અનુયાયીઓ (ઉમ્મત)ને પણ આ નેક ગુણો પ્રત્યે પ્રેરે છે. દા.ત. સૂરએ જુમ્આની બીજી આયતમાં છે કે "અમે જે નબી મોકલ્યા તેનો એક ધ્યેય (તમારી) આત્મશુધ્ધિ પણ છે."

**યાદ દેવડાવવું અને બોધ આપવો :** આ રીતે જ કુરઆને કરીમમાં નબીઓને "મુઝક્કર" એટલે કે "યાદ દેવડાવનાર" તરીકે વર્ણવવામાં આવ્યા છે અને પછી ફરમાવ્યું છે : "ફઝક્કિર ઈન્નમા અન્તા મુઝક્કિર" અર્થાત : તમે બોધ આપતા રહો કેમકે તમો તો ફક્ત બોધ આપનારા છો (સૂરએ-ગાશિયા આયત-૨૧) અને બીજી આયતમાં છે "કલ્લા ઈન્નહૂ તઝકિરહ" અર્થાત્ - હા-નિસંશય આ તો સંપૂર્ણપણે બોધ-શિખામણ છે. (સૂરએ મુદસ્સિર આયત-૫૪)



**સ્વતંત્રતા :** ખુદાના નબીઓએ માનવજાતને લોભ-લાલચ-કામવાસના ભૌતિકવાદ અને આ નશ્વર જગત પ્રત્યેના પ્રેમની સાંકળોથી મુક્તિ અપાવી છે. તેથી જ કુરઆન શરીફમાં છે કે : વ-યઝઓ-અન્હુમ-ઈસરહુમ-વલ-અગલાલલ્લતી કાનત અલ્યહિમ અર્થાત્ : "તેમના ઉપરથી બોજો અને પ્રતિબંધો ને ઉપાડી લે છે." (સૂરએ અઅરાફ-આયત-૧૫૭)

**ન્યાય :** નબીઓના ધ્યેયોમાંથી એક ધ્યેય સમાજમાં ન્યાય અને ન્યાયના શાસનને કાયમ કરવું તે છે. તેથી જ કુરઆનમાં ખુદા ત.વ.ત-એ ફરમાવ્યું છે કે "લકદ અરસલ્ના રોસોલના-બિલ બય્યેનાતે-વ-અન્ઝલના માઅહુમુલ કિતાબ-વલ મીઝાન-લે યકૂમન્નાસો બિલ્કિસ્ત" અર્થાત્ :- " નિસંશય અમે રસૂલોને તદ્દન સ્પષ્ટ દલીલો સાથે મોકલ્યા છે અને તેમની સાથે કિતાબ અને મીઝાન (ત્રાજવું) ઉતાર્યા જેથી લોકો ન્યાયસર ચાલવા લાગે." (સૂરએ હદીદ-આ. ૨૫)

**અનુકરણીય ચારિત્ર્ય :** ખુદાના નબીઓ સમાજમાં સામાન્ય લોકો વચ્ચે જીવન વિતાવતા હતા અને પોતાના સદ્ગુણોને કારણે સામાન્ય જનતા માટે અનુકરણીય ચારિત્ર્યનો નમૂનો રજુ કરતાં હતા. જેમકે કુરઆનમાં ખુદાએ ફરમાવ્યું છે કે : "લકદ કાના લકુમફી રસૂલિલ્લાહે ઉસ્વતુન હસનતુલ-લેમન્કાન યરજુલ્લાહા-વલ-યવમલ આખરા-વ-ઝકરલ્લાહા કસીરા." અર્થાત્ : (હે લોકો) નિસંશય તમારા માટે અનુકરણ કરવા માટે સારામાં સારો નમૂનો ખુદ અલ્લાહનો રસૂલ છે. (ખાસ કરીને) તે વ્યક્તિ માટે કે જે અલ્લાહ અને આખેરતની આશા રાખતો હોય અને અલ્લાહને મોટા પ્રમાણમાં યાદ કરતો હોય. (સૂરએ-અહઝાબ-આયાત-૨૧)







# વહાલા નબી સ.અ.વ.ની વાણી

(ગતાંકથી ચાલુ)

૬. મનુષ્યનું હૃદય (મન) એ પાંદડાની જેમ હોય છે જે જંગલના કોઈ વૃક્ષની ડાળી ઉપર લટકી રહે છે અને હવા ચાલે ત્યારે આમથી તેમ થતું રહે છે.

૭. મુસલમાન એ છે જેના હાથ-પગથી બીજો મુસલામાન રક્ષિત રહે.

૮. નેક કામ ચીંધવું - તે અંગે માર્ગદર્શન આપવું - તે પોતે તે (નેક) કામ કરવા જેવું છે.

૯. દરેક નરમ હૃદય (બીજાઓ પ્રત્યે નરમ રહે તેવા હૃદયવાળી વ્યક્તિ) માટે આખેરતમાં તેનો ભલો બદલો અને સવાબ રાખવામાં આવેલ છે.

૧૦. સ્વર્ગ (જન્નત) માતાઓના પગ નીચે હોય છે.

૧૧. બધા (મનુષ્યો)નો પરવરદિગાર એક છે. બધાનાં પિતા એક છે. બધા (મનુષ્યો) હઝરત આદમ અ.સ.ની સંતાનો છે અને તેઓ માટીમાંથી બનાવેલા છે. ખુદાની દૃષ્ટિએ જે સૌથી વધુ અદ્ર-ચારિત્રવાન (પરહેઝગાર) હોય તે વ્યક્તિ જ સૌથી વધુ આદરણીય અને શ્રેષ્ઠ છે.



E-mail : hadimasik@yahoo.com



# હસો અને હસાવો



## ટુચકા

બાળકે એક દિવસ પોતાના શિક્ષકને કહ્યું : "મારા પિતા કહેતા હતા કે તેઓ એક મરઘી આપને ભેટ આપશે."
શિક્ષક ખુશ થઈ ગયા અને મરઘીની રાહ જોવા લાગ્યા.
એક અઠવાડિયા સુધી પણ મરઘી ન મળી તો શિક્ષકે તે બાળકને પુછયું – દીકરા ! તારા પિતાએ મરઘી મોકલાવી નહીં?
બાળકે તદ્દન નિર્દોષ ભાવે કહ્યું : "સાહેબ તે તો હવે સાજી થઈ ગઈ છે."

એક રાજાએ એવી જાહેરાત કરાવી કે જો કોઈએ લાવેલ ફળ તેને પસંદ આવશે તો તે તેના જેટલા હીરા–ઝવેરાત ફળ લાવનારને ઈનામમાં આપશે અને જો ફળ પસંદ નહીં આવે તો તે ફળ લાવનારે પોતે તે ફળ ગળી જવું પડશે.
એક વ્યક્તિ એક બોર લાવ્યો. જે રાજાને પસંદ ન આવ્યું – તેથી તે વ્યક્તિએ તે બોર ગળી જવું પડયું.
બીજો વ્યક્તિ સફરજન લાવ્યો હતો – રાજાને તે પણ ગમ્યું નહીં. તેથી રાજાએ તેને તે સફરજન ગળી જવાનો હુકમ આપ્યો. આ સાંભળીને તે વ્યક્તિ જોરજોરથી રડવા લાગ્યો. પરંતુ પછી તે અચાનક હસવા લાગ્યો. રાજાએ તેને કારણ પુછયું તો તેણે કહ્યું કે "હું રડતો એટલા માટે હતો કે હું સફરજન ગળી શકીશ નહીં, પરંતુ હવે હસી એટલા માટે રહ્યો છું કે બહાર જે વ્યક્તિ ઉભો છે તેના હાથમાં તડબૂચ છે."

ચોરીના આરોપસર પકડાએલ એક આરોપીએ કોર્ટમાં પોતાના બચાવમાં કહ્યું "સાહેબ ! આ દુન્યામાં હું એકલો છું. ખાવા માટે રોટલો નથી. રહેવા માટે મકાન નથી. ઘણાં વખતથી બેકાર છું. મારે તો કોઈ મિત્ર પણ નથી."
આ સાંભળીને મેજીસ્ટ્રેટ સાહેબે કહ્યું : "ભાઈ ! ખરેખર તારી પરિસ્થિતિ ઘણી દુ:ખ ભરેલી છે. તેથી હું તને એવી જગ્યાએ મોકલી રહ્યો છું જ્યાં તને રહેવાની જગ્યા – બે વખત ભોજન મળશે અને મિત્રો બનાવવાની તક પણ મળશે અને આ બધુ સરકાર ખર્ચે થશે.
આરોપીએ ખુશ થઈને કહ્યું : આભાર સાહેબ ! આપ મને ક્યાં મોકલો છો ?
મેજીસ્ટ્રેટ સાહેબે કહ્યું : સરકારી જેલમાં

# મન અને ખુદા

**મુજાશેઅ નામનો એક વ્યક્તિ નબી સ.અ.વ. પાસે આવ્યો અને તેણે આપ સ.અ.વ.ને કેટલાંક મહત્વના પ્રશ્નો પુછ્યા જે પ્રશ્નોત્તરી અમે અહીંયા રજુ કરીએ છીએ.**

(૧) હે અલ્લાહના નબી સ.અ.વ., ખુદાને ઓળખવાનો માર્ગ શું છે ?

ફરમાવ્યું : પોતાની જાતને ઓળખી લો. (સ્વયંને ઓળખી લો) ખુદા આપોઆપ સમજમાં આવી જશે.

(૨) ખુદા અને સત્ય (સત્ય માર્ગ)ની સાથે કેવી રીતે રહી શકાય ?

ફરમાવ્યું : પોતાના મનની (ખોટી) વાતોનો વિરોધ કરો.

(૩) અલ્લાહને પ્રસન્ન (રાઝી) કરવાનો માર્ગ ક્યો છે ?

ફરમાવ્યું : પોતાના મનની ખોટી સલાહોથી વિરૂધ્ધ કામ(વર્તન) કરો. ખુદા પ્રસન્ન (રાઝી) થઈ જશે.

(૪) સત્ય (ખુદા)ના માર્ગે ફના થઈ જવાનો માર્ગ કયો છે ?

ફરમાવ્યું : પોતાના મનથી અલગ થઈ જાવ.

(૫) સત્ય (ખુદા) ના આજ્ઞાપાલન પર કાયમ રહેવાનો માર્ગ કયો છે ?

ફરમાવ્યું : પોતાના મનની વિરૂધ્ધ વર્તન કરતા રહો.



(૬) સત્ય (ખુદા)ની યાદમાં રહેવાનો માર્ગ ક્યો છે ?

ફરમાવ્યું : પોતાના મનને ભૂલી જાવ.

(૭) ખુદાની સમીપ થઈ જવાની રીત કઈ છે ?

ફરમાવ્યું : પોતાના મનથી દૂર થઈ જાવ.

(૮) ખુદા સાથેના પ્રેમની રીત કઈ છે ?

ફરમાવ્યું : પોતાના મનથી ડરતા રહો.

(૯) ઉપરોક્ત તમામ બાબતો પ્રાપ્ત કરવા અને તેમાં સફળતા મેળવવાની પધ્ધતિ કઈ છે?

ફરમાવ્યું : પોતાના મન સાથે યુધ્ધ કરવા માટે ખુદાની મદદ માંગવી તે.

(મુકદ્દમઈ-બર-અખલાક : લેખક : અલ્હાજ શૈખ મન્સૂર અબ્દુર્રહીમ જુરજાઈ-પા ૪૩)



E-mail : hadimasik@yahoo.com

# જ્ઞાનગોષ્ઠિની સભા



અન્સારમાંથી એક વ્યક્તિ હઝરત રસૂલે ખુદા સ.અ.વ. પાસે આવ્યો અને પૂછ્યું કે :-

હે રસૂલે ખુદા સ.અ.વ., જો કોઈનો જનાઝો લઈ જવા માટે અને દફન કરવા માટે તૈયાર હોય અને બીજી બાજુ જ્ઞાનની સભા હોય જેમાં જ્ઞાન વિષયક વાર્તાલાપ થતો હોય અને બંને એક જ સમયે હોય અને સમય એટલો ન હોય કે બંનેમાં સામેલ થઈ શકાય. એકમાં સામેલ થઈને બીજાથી વંચિત રહેવું પડે તેવું હોય તો તે સંજોગોમાં આપ અમને અમારી ફરજ શું છે તે બતાવવા કૃપા કરશો જેથી કરી આપની જે આજ્ઞા હોય તે પ્રમાણે અમલ કરી શકાય.

આપ સ.અ.વ. એ ઈર્શાદ ફરમાવ્યું "જો અન્ય લોકો હોય કે જેઓ જનાઝાને લઈ જઈને દફન કરી શકે તો જ્ઞાનની સભામાં જવું જોઈએ. કેમકે જ્ઞાનગોષ્ઠિની એક સભામાં સામેલ થવું તે હજાર જનાઝાઓમાં હાજરી-હજાર બીમાર વ્યક્તિઓની તબીયત પુછવા જવું - હજાર રાતોની ઈબાદત-હજાર દિવસોના રોજા-હજાર દિરહમના સદકા, વાજિબ ન હોય તેવી હજાર નમાઝો અને વાજિબ ન હોય તેવા હજાર જિહાદોથી વધુ સારૂં છે."

આ બધી વસ્તુઓની એક આલિમની સેવા ચાકરી સાથે સરખામણી જ થઈ શકે નહીં. તમને ખબર જ નથી કે જ્ઞાનને કારણે જ ખુદાની આજ્ઞાઓનું પાલન કરવાની સમજણ મળે છે. ખુદાની ઈબાદત અને આખેરતની ભલાઈ જ્ઞાન સાથે સંકળાએલ છે, તેવી જ રીતે દુન્યા અને આખેરતની બુરાઈનો સ્ત્રોત અને તેનું કારણ અજ્ઞાનતા જ હોય છે.

જ્ઞાન (ઈલ્મ)નું મહત્વ કેટલું છે તેનો અંદાજો આ વાર્તાલાપ ઉપરથી થાય છે અને તેનું કારણ પણ જણાવવામાં આવેલ છે. આ વિષયને એક હદીસમાં એવી રીતે પણ વર્ણવવામાં આવેલ છે કે આલિમની કલમની શાહી શહીદના રક્તથી સારી હોય છે કેમકે જો આલિમો એ રક્તના ધ્યેયને વર્ણવે નહીં તો (શહીદોનું) રક્ત નકામું જ જાય ને!



# ઘમંડ ભારે પડ્યો

એક ગાડીવાન હતો. તેની પાસે એક ઘોડો અને એક ગધેડો હતો. ગાડીવાન બંનેને લઈને રોજ બજારમાં જાય. અનાજ અથવા તો બીજો સામાન અહીંથી ત્યાં પહોંચાડવાનું કામ કરે. રોજ- સાંજેગાડીવાન ઘોડાને અને ગધેડાને એક જ તબેલામાં પાસે પાસે બાંધે. ઘોડો અને ગધેડો રોજ સાથે રહેતા હતા. એક સરખુ કામ કરતા હતા, પણ બંને વચ્ચે દોસ્તી નહોતી. ગધેડાને તો દોસ્તી બાંધવાની બહુ ઈચ્છા હતી પણ ઘોડો દોસ્તી બાંધતો નહોતો. ઘોડાને પોતાની જાત પર બહુ ઘમંડ હતો. એટલે ગધેડાને બોલાવતો પણ નહી. ગાડીવાન પણ ગધેડા પર વધુમાં વધુ સામાન લાદે. ઘોડા પર બહુ ઓછો સામાન લાદે.

એક દિવસની વાત છે. ગાડીવાન બંનેને લઈને બજારમાં ગયો. ગધેડાની તબિયત સારી નહોતી. પણ કંઈ બોલ્યા વગર તે ચૂપચાપ માલિકની સાથે બજારમાં આવ્યો. તે દિવસે ગાડીવાનને અનાજની ઘણી બધી ગુણો બીજે પહોંચાડવાનું કામ મળ્યું. ગાડીવાનને ઘોડા તરફ પહેલેથી જ વધુ પ્રેમ હતો. તેણે ઘોડા પર માત્ર બે કોથળા જ મૂક્યા.



બાકીના બધા કોથળા એક પછી એક ગધેડા પર ગોઠવવા માંડ્યો. ધીમે ધીમે વજન વધવા માંડતા ગધેડાની હાલત ખરાબ થઈ ગઈ. તબિયત તો ખરાબ હતી જ.

ઘોડો પણ એ જાણતો હતો. પણ કંઈ બોલ્યા વગર તે મનોમન ખુશ થવા લાગ્યો. બધો સામાન લદાઈ ગયો એટલે આગળ ગાડીવાન, એની પાછળ ઘોડો અને એની પાછળ ગધેડો ચાલવા માંડ્યા. ગધેડાથી માંડમાંડ ચાલી શકાતું હતું. ગધેડો બોલ્યા વિના એકએક પગ સંભાળી સંભાળીને માંડમાંડ માંડતો હતો. થોડી વારમાં તો તેને ચક્કર આવવા માંડ્યા અને તે નીચે બેસી પડ્યો, તેના મોઢામાં ફીણ વળવા માંડ્યા.

ગાડીવાને ગધેડાને ઉભો કરવાનો પ્રયત્ન કર્યો પણ ગધેડો ઉભો ન થઈ શક્યો. ગાડીવાને ગધેડા પરથી એક એક કરીને બધા કોથળા ઘોડા પર લાદવા માંડ્યા. બધા જ કોથળાના વજનથી ઘોડો વાંકો વળી ગયો. હવે તેને સમજાયું કે રોજ ગધેડો કેટલો ભાર ઉંચકતો હતો, પોતે એનો થોડો ભાર ઉચકવા લાગ્યો હોત તો આવી દશા ન થાત. એનો ઘમંડ એને ભારે પડી ગયો, તે દિવસથી ઘોડાએ ગધેડા સાથે દોસ્તી બાંધી લીધી.



# રબીઉલ અવ્વલ માસના આમાલ અને ઘટનાઓ

## ઘટનાઓ :

(૧) નબી સ.અ.વ.ની હીજરી

(૨) ઈમામ હસન અસકરી અ.સ.ની શહાદત (સ. ૨૬૦ હિજરી ૮ રબીઉલ અવ્વલ)

(૩) બારમાં ઈમામ અ.જ. ની ઈમામતની શરૂઆત (૯ રબીઉલ અવ્વલ ૨૬૦ હિજરી)

(૪) નબી સ.અ. ના જનાબે ખદીજા સ.અ. સાથે લગ્ન (૧૦ રબીઉલ અવ્વલ)

(૫) જનાબે અબ્દુલ મુત્તલિબની વફાત

(૬) હીજરત પછી નબી સ.અ.વ.નું મદીનામાં આગમન (૧૨ રબીઉલ અવ્વલ)

(૭) મિલાદે નબી સ.અ.વ. (૧૭ રબીઉલ અવ્વલ આમુલફીલ)

## આમાલ :

### પહેલી તારીખના આમાલ

(૧) નબી (સ.અ.વ.) અને ઈમામની સલામતી માટે શુક્રનો રોઝો

(૨) નબી (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.)ની ઝિયારત પડવી

(૩) બે રકાત નમાઝે શુક્ર

(૪) ઝિયારતે ઈમામે હુસૈન અ.સ.

### આઠમી તારીખના આમાલ

(૧) ઈમામે હસન અશકરી અ.સ. અને ઈમામે ઝમાના અ.જ. ની ઝિયારત પઢવી



E-mail : hadimasik@yahoo.com

## નવમી તારીખના આમાલ

આ દીવસ ઈદે ઝહેરા સલા. અને બારમા ઈમામ અજ.ની ઈમામતની શરૂઆતના લીધે તમામ મોમેનીન માટે ઘણો ખુશાલી અને ઈદનો દીવસ છે. તે માટે અમુક કાર્યો કરવા જોઈએ.

(૧) મોમેનીન અને દોસ્તો માટે જમણ રાખવું.

(૨) નવું કપડું પહેરવું.

(૩) ખુદાનો ખુબ મોટા પ્રમાણમાં શુક્ર અદા કરવો.

(૪) પોતાના કુટુંબ માટે ખરીદી કરવી.




## બારમી તારીખના આમાલ

(૧) રોઝો રાખવો.

(૨) બે રકાત મુસ્તહબ નમાઝ પઢવી જેની પહેલી રકાતમાં અલ્હમ્દ પછી ત્રણ વખત સુરે કાફેરૂન અને બીજી રકાતમાં અલ્હમ્દ પછી ત્રણ વખત સુરે કુલ્હોવલ્લાહ પડવો.

## ૧૭મી તારીખના આમાલ

આજનો દિવસ નબી સ.અ.વ. અને છઠ્ઠા ઈમામ અ.સ.ની વિલાદતનો દિવસ છે. તે માટે નીચે મુજબ આમાલ કરવા જોઈએ.

(૧) ગુસ્લ કરવું.

(૨) નબી સ.અ.વ. અને ઈમામ સાદીક અ.સ.ની ઝિયારત પઢવી.

(૩) રોઝો રાખવો

(૪) ઝવ્વાલના સમયે બે રકાત નમાઝ પઢવી, દરેક રકાતમાં સુરએ હમ્દ પછી ૧૦ વખત સુરે ઈન્ના અનઝલના અને દસ વખત સુરે કુલહોવલ્લાહ પઢવો.

(૫) સદકો આપવો.

(૬) ખુશાલીની મહેફીલ કરવી.

(૭) માસુમીનના રોઝાની ઝિયારત કરવી.

(૮) કબ્રસ્તાન જવું.



# ઈમામ સાદિક અ.સ.ના મોઅજિઝાઓ (ચમત્કારો)

આપણાં બધાં ઈમામોને અલ્લાહ ત.વ.ત.એ પોતાની ઈમામત અને લીડરશીપ સાબિત કરવા માટે અને ઈસ્લામનો પ્રસાર કરવા માટે અને તેના રક્ષણ માટે 'મોઅજિઝા' (ચમત્કારો) ની શક્તિ આપી હતી. આવા સેંકડો અને હજારો મોઅજિઝાઓનું વર્ણન પુસ્તકોમાં મળે છે. આપણે તેનો અભ્યાસ કરતાં રહેવું જોઈએ. જેથી આપણા એહલેબૈત સાથેના પ્રેમમાં વૃધ્ધિ થાય અને તે મજબૂત બને.

આવો, અમે અહિયાં આપને ઈમામ સાદિક અ.સ.ના કેટલાંક મોઅજિઝાઓ વિશે માહિતી આપીએ.

★ યુનુસ-બિન ઝિબ્યાન નામના આપના એક સહાબી (સાથી) ને આપે ફરમાવ્યું કે 'પૃથ્વી અને આકાશના ખજાનાઓ અમારા કબ્જામાં છે.' અને આમ કહીને આપે જમીન ઉપર એક ઠોકર મારી તો જમીનમાંથી સોનાથી ભરેલો એક ડબ્બો નીકળી આવ્યો. યુનુસે કહ્યું 'મૌલા અ.સ. આપની આ શક્તિઓ છતાં પણ આપના અનુયાયીઓ પરેશાન રહે છે.' તેથી આપે ફરમાવ્યું : ' તેમની દૃષ્ટિમાં આ જગત (આ જગતના એશઆરામ)નું કાંઈ મહત્વ નથી. તેમના માટે તો જન્નત છે.'

★ એક વ્યક્તિએ આપને જનાબ ઈબ્રાહીમ અ.સ.ના મોઅજિઝા અંગે પ્રશ્ન કર્યો કે જનાબ ઈબ્રાહીમ અ.સ.એ કયા પક્ષીઓને મારી નાંખીને પછી જીવિત કર્યાં હતાં. તો આપે મોર - બતક - બાજ અને કબૂતરને બોલાવ્યાં. જ્યારે તે તમામ આવી ગયાં તો તેમને મારી નાંખ્યાં પછી તેમના શરીરના નાના ટુકડા કરીને તે ટુકડાઓને વેર વિખેર કરી નાંખ્યાં. તે પછી તે પક્ષીઓને ફરી બોલાવ્યાં તો જે તે પક્ષીના જ તમામ ટુકડાઓ એકત્ર થઈ ગયાં અને તે પક્ષીઓ જીવિત થઈ ગયાં.


E-mail : hadimasik@yahoo.com

આથી આપે સાબિત કરી આપ્યું કે ‘અમે હઝરત ઈબ્રાહીમ અ.સ. ખલીલે ખુદા (ખુદાના મિત્ર)ના વારસદારો છીએ અને રબ્બુલ આલમીને અમને પણ આ કમાલ આપ્યો છે.’

★ એક વ્યક્તિએ હજ માટે જતી વખતે દસ હજાર દિરહમ આપને આપીને કહ્યું કે ‘હું પાછો આવું ત્યાં સુધી આપ મારા માટે એક મકાન ખરીદીને રાખજો’ તે વ્યક્તિ પાછો આવ્યો ત્યારે આપે તેને કહ્યું કે ‘મેં તારા માટે જન્નતમાં મકાનની વ્યવસ્થા કરી દીધી છે.’ પછી કાગળ ઉપર પણ તેમણે લખાણ લખી આપ્યું. તે વ્યક્તિએ તે લખાણને પોતાની કબરમાં મૂકી દેવાની વસીયત કરી. તેના મૃત્યુ પછી બીજા દિવસે તેની કબર ઉપર તે લખાણનો કાગળ જોવા મળ્યો જેની બીજી તરફ લખેલું હતું કે ‘હઝરત જાઅફર બિન મુહમ્મદ અ.સ.એ પોતાનો વાયદો પૂરો કરી દીધો છે.’

★ અબૂ શાકિર દીસાની નામના એક વ્યક્તિએ આપને ખુદાના અસ્તિત્વ અંગે દલીલ આપવા જણાવ્યું. આપે ફરમાવ્યું ‘જો આ ઈંડુ બંધ કિલ્લો છે. તેમાં બે તદ્દન પરસ્પર વિરુદ્ધ વસ્તુઓ (ઈંડામાંનો સફેદ પદાર્થ અને પીળો પદાર્થ) છે. બંને ક્યારેય એક બીજા ઉપર અસર નથી કરતી. અને કોઈના પણ પ્રવેશ વગર ઈંડામાંથી બચ્ચા પણ નીકળે છે. તો બતાવ કે ખુદા નથી તો આ બચ્ચાનું સર્જન કરનાર કોણ છે.’

(નુકૂશે ઈસ્મત. પાનં.૪૪૭-૪૪૯)




E-mail : hadimasik@yahoo.com

# ઈસ્લામના આલિમો



## સૈયદ ઈબ્ને તાઉસ (તાઈરે કફસ)

હિલ્લા શહેરના દરેક મકાન-દિવાલો અને બારણાંઓ ઉપર ચંદ્રનો પ્રકાશ ફેલાઈ ગયો હતો. શહેરની ચોતરફના બગીચાઓ સૂર્ય પ્રકાશથી ઉષ્મા મેળવીને બહાદુર સૈનિકોની જેમ બળવાન થઈ ગયા હતા. રાત્રિના શાંત વાતાવરણમાં કેટલાક વિસ્તારોમાંથી ફક્ત કુતરાઓના ભોંકવાના અવાજ આવતા હતા.

અબૂ ઈબ્રાહીમ (અબૂ ઈબ્રાહીમ સઅદુદ્દીન મૂસા ઈબ્ને જાઅફર-સૈયદ ઈબ્ને તાઉસ અલ્યહિર્રેમાના પિતા) વ્યાકૂળ થઈને આકાશની તરફ જોઈ રહ્યા હતા. તેમના હૃદયના ધબકારા તેજ થઈ ગયા હતા, તેમને ચિંતા હતી કે શું આજની રાત્રી કોઈ અણગમતી ઘટના વગર પસાર થઈ જશે, અથવા તો....

પરંતુ તેઓ એકલાજ વ્યાકુળ નહોતા પરંતુ બીજી બાજુ શહેરના એક બીજા વિદ્વાન (આલિમ) વિરામ પણ ભવિષ્યની બાબતે ચિંતીત હતા. શું ચૌદ મોર્હરમ ૫૮૯ની રાત્રિ બીજી રાત્રિઓની જેમ સામાન્ય રીતે પસાર થઈ જશે અને સવારે ફરી સૂરજ ઉગશે ?

કિસ્મતે એવી વ્યવસ્થા કરી હતી કે અબૂ ઈબ્રાહીમ અને વિરામ બંને તે રાત્રિએ એક જ બાબતે ચિંતાતૂર હતા, જે સ્ત્રીને ત્યાં બાળકનો જન્મ થવાનો હતો તે વિરામની પુત્રી હતી, તેથી વિરામ ચિંતીત હતા અને તે સન્નારી અબૂ ઈબ્રાહીમના પત્ની હતા તેથી અબૂ ઈબ્રાહીમને ચિંતા હતી. (સઅદુદ્દીન-અબૂ ઈબ્રાહીમ એક વિદ્વાન અને પરહેઝગાર વ્યક્તિ હતા અને તે "મજમૂમએ વિરામ" પુસ્તકના લેખકના જમાઈ હતા)



E-mail : hadimasik@yahoo.com

## એક પ્રકાશિત તારો :-

હિલ્લાના પરહેઝગારની દુઆ કબૂલ થઈ. ૧૫ મોર્હરમ ૫૮૯ હિજરીના દિવસે અબૂ ઈબ્રાહીમને ઘરે એક પુત્રનો જન્મ થયો. તે બાળકનું નામ ‘અલી’ રાખવામાં આવ્યું.

(નામ અલી ઈબ્ને મૂસા-કુનીયત-અબુલકાસિમ-લકબ રઝીયુદ્દીન હતું)

અલી પોતાના આદરણીય પિતા અને નાનાની છત્રછાયામાં મોટા થવા લાગ્યા, અને પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. પરંતુ તેમને ખુબ જ જલ્દી એ વાત સમજાઈ ગઈ કે તેમનો સંબંધ ‘આસ્માની મખ્લૂક’ સાથે છે. ૧૩ પેઢી પછી તેમનો વંશ ઈમામ હસને મુજતબા સુધી પહોંચતો હતો. વિરામે એમને એ પણ જણાવ્યું હતું કે શૈખ તૂસી સાથે તેમને શું સંબંધ છે !

(કેટલાંક ઈતિહાસકારોએ અબૂ ઈબ્રાહીમ મૂસાને શૈખ તૂસીના દોહિત્ર-નવાસા હતા તેવું નોંધ્યું છે એટલે કે જઅફર-બિન-મૂસાના પિતા શેખ તૂસીના જમાઈ હતા - કેટલાંક ઈતિહાસકારોએ શૈખ તૂસીનો સંબંધ બીજી રીતે જણાવ્યો છે. તેમના દાદા શરીરે સુંદર હતા પરંતુ તેમના પગ બરાબર નહોતા તેથી તે તાઉસ એટલે કે મોરના નામે પ્રખ્યાત થઈ ગયા હતા.)

સૈયદે ફક્ત વિરામ પાસેથી જ શિક્ષણ નહોતું મેળવ્યું પરંતુ તેમણે પોતાના આદરણીય પિતા પાસેથી પણ ઘણું શીખ્યું હતું. હા - હિલ્લાના આ સંત પુરૂષની છત્રછાયા લાંબા સમય માટે તેમની કિસ્મતમાં નહોતી. સને હિજરી ૬૦૫ની બીજી મહોર્રમના દિવસે તેમને પહેલો સદમો બર્દાશ્ત કરવો પડ્યો. આ દિવસે વિરામ-બિન-અબી-ફિરાસીનું અવસાન થઈ ગયું હતું. (વિરામ-બિન-અબી-ફિરાસ સૈયદ ઈબ્ને તાઉલના નાના હતા. તેમનો વંશ જનાબ



માલિકે ઉશ્તર સુધી પહોંચતો હતો.  હિલ્લા શહેરમાં તેમનું એક મોટું પુસ્તકાલય હતું. આ સંશોધનકારે "નબીહુલ-ખ્વાતિર" જેવી સંશોધનના મહાન પુસ્તકની રચના કરી છે. જે આજે "મજમૂમએ વિરામ" ના નામે પ્રખ્યાત છે. આસ્તાનએ કુદસથી તેનું ફારસી ભાષાંતર પ્રસિધ્ધ થઈ ગયું છે) તેમના અવસાનથી ખાનદાને સાદતમાં રડારોળ થઈ ગઈ.

ઈરાકના આ મહાન વિદ્વાનનું અવસાન સૈયદ-અલી માટે ફક્ત નાનાની છત્રછાયા ગુમાવવી, માત્ર તેટલું જ નહોતુ પરંતુ એક માયાળુ શિક્ષકથી પણ વંચિત થઈ ગયા હતા. આ શીઆ ધાર્મિક વિદ્વાને સૈયદના જીવન ઉપર ઘેરો પ્રભાવ પાડ્યો હતો. સૈયદ તેમને અનુકરણીય સમજતા હતા અને કહ્યું છે કે "કાના જદ્રદી વર્રામા-બિન-અબી ફિરાસ-કદ્રદસલ્લાહો જલ્લાજ-લાલોહૂ-મિમ-મન-યકતદી-બેફેઅલેહી........" મારા નાના-વિરામ-બિન-અલી-ફિરાસ-અલ્લાહતઆલા તેમની આત્માને પ્રસન્ન રાખે - ના કાર્યો અનુકરણીય હતા.

(સૈયદ-બિન-તાઉસે ફરમાવ્યું છે કે - અકીકના નંગ ઉપર ખુદા અને માઅસૂમીન અ.સ.ના નામો કોતરેલાં હોય તો મડદાના મોઢામાં રાખી દેવો).





E-mail : hadimasik@yahoo.com



# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

وَيُسَٰرِعُونَ فِي ٱلۡخَيۡرَٰتِ

**સારા કાર્યો માટે જલ્દી કરો.**



E-mail : hadimasik@yahoo.com

# દીનનું જ્ઞાન આપો

શેખ મુફીદના જીવન વૃત્તાંતમાં લખવામાં આવ્યું છે કે એક રાત્રે સપનામાં આપને જનાબ ફાતેમા ઝહરા સલા. ની ઝિયારત થઈ. આપ સલા.એ પોતાના બંને ફરઝંદ ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ના હાથ પકડેલાં હતા અને શેખ મુફીદ પાસે આવીને આપ સલા. એ ફરમાવ્યું કે "યા શેખો ! અલ્લમહોમલ ફિકહ" (હે શેખ ! આ બંનેને તમે ફિકરનું જ્ઞાન (દીનનું જ્ઞાન) આપો."

શેખ મુફીદ ઉંઘમાંથી જાગ્યા તો સપનાનો પ્રસંગ યાદ કરી વ્યાકુળ થઈ ગયા. છેવટે સવારે આપ પોતાની પાઠશાળા (કે જેમાં આપ શિક્ષણ આપતાં હતા) તરફ જવા લાગ્યાં તો માર્ગમાં તેમને ફાતેમા-બિન્તે-હસન-બિન-અહમદ નામના એક અલવી સન્નારી મળ્યાં. જે પોતાના બે દીકરાઓ સૈયદ મુર્તઝા અને સૈયદ રઝીને લઈને આપ (શેખ મુફીદ)ની પાસે આવ્યા અને કહ્યું "યા શેખો ! અલ્લમહોમલ-ફિકહ." "હે શેખ! મારા આ દિકરાઓને દીનના એહકામનું શિક્ષણ આપો."

શેખ મુફીદ પોતાના સપનાના રહસ્યને આવી રીતે જોઈને રડવા લાગ્યા. તે પછી તેઓ બંને બાળકોના શિક્ષણનું ખૂબ જ ધ્યાન રાખવા લાગ્યા. અને એટલે સુધી કે ખુદાવન્દે આલમે તે બંનેને જ્ઞાન અને ઉચ્ચ ગુણોનો સમુદ્ર અતા કર્યો અને છેવટે આ બે બાળકો કે જેમને જનાબ ફાતેમા ઝહરા સલા.એ પોતાના બે માઅસૂમ ફરઝન્દો ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. જેવા કહયા હતા તે બંને શીઈયતના ઈતિહાસમાં અત્યંત પ્રખ્યાત થઈ ગયા અને તેમને દરેક વ્યક્તિ આદરને પાત્ર ગણે છે.

(રવઝાતુલ જિનાત-ભા.૪.પાન.નં.૨૯૫= રિયાહીનુશરીઆહ ભાગ-૫. પાન નં. ૧૦-૧૨)



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**નકવી અલીનવાઝ**
સાદાત કોલોની રહેમત પાર્ક, મહુવા.




**વિરાણી મહમ્મદ રઝા એ.**
તળાજા.



**જામાણી મિસમ રઝા એમ.**
સુરત.



**નકવી નવાઝહુસૈન અન્સાર હુસૈન**
હાજી–નાજી બોર્ડીંગ, માળીનો ટેકરો,
આંબાચોક, ભાવનગર.

# અણમોલ મોતી

## કરોળીયાનું ઘર (જાળું)

એ લોકો કે જેમણે અલ્લાહના સિવાય બીજાઓને પોતાના વલી (કાર્યસાધક) બનાવી દીધાં છે તેમનો દાખલો તે કરોળીયા જેવો છે કે જેણે એક ઘર (જાળું) બનાવ્યું હોય અને નિઃશંકપણે નબળામાં નબળું ઘર કરોળીઆનું જ હોય છે અગર તેઓ સમજી શકે તો.

(સૂરએ-અન્કબૂત-આ. ૪૧)

## દુઃખદાયક અઝાબ

અને તમે અલ્લાહને ન તો પૃથ્વી ઉપર લાચાર બનાવી શકો છો કે ન તો આકાશમાં અને લિલ્લાહ સિવાય ન તો કોઈ તમારો કાર્યસાધક હશે કે ન તો કોઈ મદદગાર -

અને જે લોકોએ અલ્લાહની આયતોને તથા (કયામતમાં) તેની મુલાકાતનો ઈન્કાર કર્યો તેઓ મારી કૃપા (રહેમત) થી નિરાશ થઈ ગયા છે અને તેમના માટે જ દુઃખદાયક અઝાબ છે.

(સૂરએ અન્કબૂત આયત ૨૨-૨૩)

## અલ્લાહનું સર્વશક્તિશાળીપણું

શું તેમણે (કદી) આ નથી વિચાર્યું કે અલ્લાહ સૃષ્ટિનું નવેસરથી સર્જન કેવી રીતે કરે છે અને તેને ફરી વારંવાર (કેવી રીતે) પેદા કરતો રહે છે ? નિઃશંકપણે અલ્લાહ માટે (તો) આ તદ્દન સહેલું છે.

(હે રસૂલ) આપ સ.અ.વ. (આ લોકોને) કહી દો કે તમે પૃથ્વીમાં ચાલો - ફરો અને (ખૂબ ધ્યાનપૂર્વક) જુઓ કે તેણે સૃષ્ટિનો આરંભ કર્યો છે પછી એ જ અલ્લાહ (કયામતના દિવસે) ફરીથી ઉઠાડશે, બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનાર છે. (સૂરએ અન્કબૂત-આયત-૧૯-૨૦)

# બુદ્ધિ કોના બાપની !!



મુલ્લા નસરૂદ્દીન નાના હતા ત્યારની વાત :

એક વાર નસરૂ નિશાળે ખૂબ મોડો પહોંચ્યો.

માસ્તર રાતાચોળ થઈ ગયા. એમણે હાથમાં સોટી લીધી ને બોલ્યા : "નસરૂ, આટલો મોડો કેમ આવ્યો ?"



નાનકડો નસરૂ દયામણું મોં કરીને બોલ્યો : "શું કરૂં સાહેબ ?" ઘરેથી તો હું સમયસર નીકળ્યો તો પણ હું અધવચ્ચે હતો ને વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડ્યો. વરસાદ કહે મારૂં જોર.... પવન કહે મારૂં જોર... એમાં વળી પવન બરાબર સામેથી આવે ને એવો જોરથી વાય કે હું એક ડગલું આગળ ચાલું ને બે ડગલાં પાછળ ધકેલાઉં. વળી એક ડગલું ચાલું ને બે ડગલાં પાછળ ધકેલાઉં.... સોટી માસ્તરના હાથમાં જ રહી ગઈ.



એમના મગજમાં ગણિત ચાલ્યું. પછી બોલ્યા : "જો તું એક ડગલું આગળ જાય ને બે ડગલાં જેટલો પાછળ ધકેલાય તો પછી નિશાળે પહોચ્યો શી રીતે ?"



નાનકડો નસરૂ બોલ્યો : "પણ બુદ્ધિ કોના બાપની ? નિશાળ તરફ જવાના બદલે હું ઘર તરફ ચાલવા લાગ્યો. એટલે એક ડગલું ઘર તરફ ચાલુ ને બે ડગલાં નિશાળ તરફ ધકેલાઉં... તે મોડો મોડોય નિશાળે તો પહોંચ્યો."




**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે.**
**તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ,**
**ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો.**
**જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

## સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !


Date : 29-12-10

★ અસ્સલામો અલયકુમ ★

હાદિ માસિકના તમામ મેમ્બર અને મંત્રી તથા વ્હાલા બાળ દોસ્તોને મારા સલામ અને હાદિ માસિક દ્વારા બાળકોનું વડીલોનું ઈલ્મ જેટલું થાય અને ઈલ્મની દુનિયામાં આગળ આવી શકાય તેના હું હાદિ માસિકનો આભારી છુ

લી. સૈયદ
આબેદિ અલ્માં અનવરબાપુ



**સૈયદ આબેદિ અલ્માં અનવરબાપુ**


સ્કુલ:- મહદી સ્કુલ

* દુનિયાની પ્રાચીન અને મધ્યકાલીન અજાયબીઓ

* હિજીપ્તના પિરામીડો
* બેબિલોનના ઝૂલતા બગીચા
* હેલિકાર્નેસસના રાજા માઉસોલસનો મકબરો
* એફેસસનું ડાયેના દેવીનું મંદિર
* ઓલિમ્પિયાનું જ્યુપીટરનું પૂતળું
* રોડ્સનું પૂતળું
* આગ્રાનો તાજમહલ
* એલેક્ઝાન્ડ્રિયાની દીવા દાંડી
* રોમનું કોલોસિયમ
* નાનકિંગનો ટાવર
* ચીનની દિવાલ
* કોન્સ્ટેન્ટિનોપલની સેંટ સોફિયાની મસ્જિદ
* પીઝાનો ઢળતો મિનારો
* રોમના મડદા દાટવાના ભોંયરા

Naqvi
Ali Nawaz
સાદાત કોલોની, રહેમત પાર્ક
મહુવા

**નકવી અલી નવાઝ**
**સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.**


*જાણવા જેવું *

* પેનની શોધ ક્યારે થઈ ? *

પ્રથમ ફાઉન્ટન પેન અમેરિકાના એમ. ઈ. વોટરમેને 1884માં તૈયાર કરી હતી. પેનની નિબ 14 કેરેટ સોનાની પરંતુ નિબનો [redacted] ઉપરનો ભાગ ઈરીડિયમ નામની સારી ધાતુનો હતો

* વિશ્વની સૌથી મોટી હોટલ *

વિશ્વની સૌથી મોટી હોટલ મોસ્કોમાં છે. જેનું નામ રશિયા છે. આ હોટલમાં 12 માળ છે. એમાં 3200 ઓરડાઓ છે. આ હોટલમાં 6,350 વ્યક્તિઓની રહેવાની વ્યવસ્થા છે.

નકવી અલીનવાજ એ.
સાદાત કોલોની,
રહેમત પાર્ક, મહુવા

**નકવી અલી નવાઝ**
**સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.**


*જાણવા જેવું *

*ખનીજ સંપત્તિ *

ખનીજ :- અબરખ. ચિત્તોડ, જયપુર, ઉદેપુર
અબરખ :- હજારીબાગ, અજમેર, ઉદેપુર
જિપ્સમ :- જયપુર, ઉદેપુર
મેંગેનીઝ :- છિંદવાડા, ખંભાત, અંકલેશ્વર, ગાંધાર, બગ્ગો ઈ.
કોલસા :- ઝરિયા, રાણીગંજ, બોકા
બોક્સાઈટ :- કચ્છ, જામનગર
તાંબુ :- અગ્નાજુ, સિંગભૂમ, ખેતડી
મેગ્નીઝ :- વિશાખાપટ્ટનમ, છોટા ઉદેપુર, ભિલવાડા, સિંગભૂમ
યુરેનિયમ :- ધાર વિસ્તાર, જાદુગોડા
લોખંડ :- કોલાર, હટ્ટી
હીરા :- પન્ના
લિગ્નાઈટ :- નેવેલી, કાશ્મીર, પાલના
[illegible] :- અબરખ

અગત્યના પાકો.

| પાક | રાજ્ય |
|---|---|
| ઘઉં :- | પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત |
| ચોખા :- | તમિલનાડુ, કેરળ, આંધ્ર, ઉત્તર પ્રદેશ, દક્ષિણ ભારત, બંગાળ |
| જુવાર :- | મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક |
| કપાસ :- | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ |
| બાજરી | ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, |

નકવી અલીનવાજ.
મહદી સ્કુલ, ભાવનગર

**નકવી અલી નવાઝ**
**મહદી સ્કુલ, ભાવનગર.**

# નહજુલ બલાગાહ

## ડહાપણ ભરી વાતો

### કલમા નં. ૪૦ – બુધ્ધિશાળી અને મૂરખની જીભ (વાણી)

બુધ્ધીશાળી વ્યક્તિની જીભ તેના હૃદય (બુધ્ધી)ની પાછળ હોય છે અને મુરખ માણસનું હૃદય (બુધ્ધી) તેની જીભની પાછળ હોય છે.

સૈયદ રઝી લખે છે કે આ વાક્યમાં ખુબ જ વિચિત્ર અને ગુઢ રહસ્યો સમાયેલા છે. આનો અર્થ એવો છે કે બુધ્ધિશાળી વ્યક્તિ મનમાં બુધ્ધિપૂર્વક પૂરેપૂરી વિચારણા અને મનન કરીને કોઈ પરિણામ ઉપર ન આવે ત્યાં સુધી જીભ ઉપાડતો (કાંઈ બોલતો) નથી પરંતુ મુરખ વ્યક્તિ તો કોઈ વિચાર કર્યા વગર જ જે જીભ ઉપર આવે છે તે કહી નાંખે છે.

આમ બુધ્ધીશાળીની જીભ તેની બુધ્ધીની આજ્ઞાનું પાલન કરે છે જ્યારે મુરખનું મન (બુધ્ધી) તેની જીભના તાબે હોય છે.




## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



E-mail : hadimasik@yahoo.com

## સારા કાર્યો



## ખરાબ કાર્યો




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


